સંક્ષિપ્ત સમાચાર

લીમખેડા ખાતે કિશોરીઓને HPV રસીકરણનો પ્રારંભ કરવામાં આવ્યો

લીમખેડા : લીમખેડા તાલુકાના સામૂહિક આરોગ્ય કેન્દ્ર, લીમખેડા ખાતે આજ રોજ HPV (હ્યુમન પેપિલોમા વાયરસ) રસીકરણ કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો.આ કાર્યક્રમમાં RCHO શ્રી ડૉ. અશોક ડાભી તેમજ તાલુકા હેલ્થ ઑફિસરશ્રીની ઉપસ્થિતિમાં કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો.કાર્યક્રમ દરમિયાન 14 વર્ષની કુલ 27 બાળિકાઓને HPV રસી આપવામાં આવી હતી. બાલીકાઓએ ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ ઉપરાંત વાલીઓનો પણ સારો સહયોગ અને સમર્થન મળ્યું હતું, જે ખૂબ જ પ્રેરણાદાયક રહ્યું HPV રસી ગર્ભાશયના મુખના કેન્સરથી બચાવ માટે સુરક્ષિત અને અસરકારક રસી છે. આરોગ્ય વિભાગ દ્વારા યોગ્ય વયની તમામ બાલીકાઓને આ રસી લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહી છે. આ પ્રસંગે આરોગ્ય કર્મચારીઓ દ્વારા વાલીઓ અને બાલીકાઓને HPV રસી અંગે જરૂરી માર્ગદર્શન અને જાગૃતિ પણ આપવામાં આવી.

દાહોદમાં લાભાર્થીઓને મોટરરાઈઝ ટ્રાઇસીકલ-જોયસ્ટીક વ્હીલચેરનું વિતરણ

દાહોદ : ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા રાજ ભવન, ગાંધીનગર ખાતેથી ગુજરાત રાજ્યના દિવ્યાંગજનોને મોટરરાઈઝ ટ્રાઈસીકલ અને જોયસ્ટીક વ્હીલચેર આપવાની રાજ્ય સરકારશ્રીની નવિન યોજના અંતર્ગત પ્રતિકાત્મક સાધન સહાય વિતરણ થયા બાદ ગુજરાતના તમામ જિલ્લાઓમાં ઉપરોક્ત સાધન સહાય યોજનામાં દિવ્યાંગ લાભાર્થીઓને વિતરણ કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત દાહોદ જિલ્લા ખાતે જિલ્લામાં સમાજ સુરક્ષા કચેરીના ચીફ પ્રોબેશન ઓફિસરશ્રી આર.પી.ખાટા તથા BLIND WELFARE COUNCIL ના યુસુફી કાપડીયાના હસ્તે લીલી ઝંડી આપી સાધન સહાય વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં મોટરરાઈઝ ટ્રાઈસીકલ-૧૪૮ અને જોયસ્ટીક વ્હીલચેર-૧૦ વિતરણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કચેરીના કર્મચારીઓ તથા જુદા જુદા તાલુકાના દિવ્યાંગ લાભાર્થીઓને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ગોત્રી હોસ્પિટલ ખાતે 'વર્લ્ડ ગ્લુકોમા ડે' ની ઉજવણી, 'ઝામર' સામે જનજાગૃતિના મહાયજ્ઞનો પ્રારંભ

વડોદરાઃ વડોદરાની જીવાદોરી સમાન ગોત્રી હોસ્પિટલ દ્વારા 'વર્લ્ડ ગ્લુકોમા ડે' (વિશ્વ ઝામર દિવસ) નિમિત્તે દ્રષ્ટિ રક્ષણના ઉમદા હેતુ સાથે એક વિશેષ જનજાગૃતિ સપ્તાહનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ઝામર જેવી ગંભીર બીમારી પ્રત્યે લોકોમાં સભાનતા કેળવાય અને સમયસર નિદાન દ્વારા અંધાપો રોકી શકાય તે માટે હોસ્પિટલ તંત્ર દ્વારા આ આયોજન કરવામાં આવ્યું છે. ગોત્રી હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડો. અનુપ ચંદાનીના સીધા માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ આ કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરવામાં આવી છે. કાર્યક્રમના શુભારંભ પ્રસંગે આંખ વિભાગના વડા ડો. અશ્વિની સપરેએ ઉપસ્થિત દર્દીઓ અને તેમના પરિવારજનોને સંબોધતા જણાવ્યું હતું કે, ઝામર એ આંખ માટે અત્યંત જોખમી બીમારી છે, પરંતુ જો જાગૃતિ હોય તો તેનાથી બચી શકાય છે. તબીબોએ આ બીમારીને 'સાયલન્ટ કિલર' તરીકે ઓળખાવી હતી. તેના મુખ્ય કારણો અને અસરો વિશે મહત્વની બાબતો પર ભાર મૂકવામાં આવ્યો હતો. ઝામર શરૂઆતના તબક્કામાં કોઈ દુખાવો કે ખાસ લક્ષણો બતાવતું નથી, જેથી દર્દીને ખબર પડે ત્યાં સુધીમાં દ્રષ્ટિને ઘણું નુકસાન થઈ ગયું હોય છે. આંખની અંદરના પ્રવાહીનું દબાણ વધવાને કારણે જોવાની નસ (ઓપ્ટિક નર્વ) સુકાઈ જાય છે, જે કાયમી અંધાપામાં પરિણમે છે. ઝામરથી ગયેલી દ્રષ્ટિ ઓપરેશન કે દવા દ્વારા પાછી લાવી શકાતી નથી, માત્ર જે બાકી છે તેને જ બચાવી શકાય છે.
* હોસ્પિટલના નિષ્ણાંતોએ સલાહ આપી છે કે, 40 વર્ષની ઉંમર બાદ દરેક વ્યક્તિએ વર્ષમાં ઓછામાં ઓછી એક વાર આંખના દબાણની તપાસ કરાવવી જોઈએ.

ગોધરા APMC ખાતે પી.એમ. કિસાન ઉત્સવ દિવસની ઉજવણી

ગોધરા : ગોધરા બજાર સમિતિ ખાતે પી.એમ. કિસાન સન્માન નિધિના ૨૨મા હપ્તાના લાઈવ વેબકાસ્ટ ની ઉજવણી કરવામાં આવી. માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીએ ગુવાહાટી, આસામથી એક જ ક્લિક સાથે પી.એમ.-કિસાનના ૨૨મા હપ્તા તરીકે ૧૮,૬૪૦ કરોડથી વધુ ની રકમ ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા દેશભરના ૯.૩૨ કરોડથી વધુ ખેડૂતો ના બેંક ખાતામાં સીધી ટ્રાન્સફર કરી. આ ઐતિહાસિક કાર્યક્રમમાં ખેડૂતો અને સહકારી આગેવાનોએ ભારત સરકાર તથા વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીનો હાર્દિક આભાર વ્યક્ત કર્યો. આ કાર્યક્રમમાં હાજર રહેલા બજાર સમિતિના હોદ્દેદારો તથા કર્મચારીઓ ,નગર પાલિકાના વોર્ડ સભ્યો, ગુજરાત એગ્રોના ઈન્ચાર્જ મેનેજર પ્રકાશભાઈ ભાભોર, તાલુકા સંઘના મેનેજર પ્રીતેશ પટેલ, ફુભકોના એરિયા મેનેજર જેડ. એ. બાદી સાથે જ મોટી સંખ્યામાં ખેડૂતો અને સહકારી આગેવાનોએ આ જીવંત પ્રસારણમાં ભાગ લીધો અને લાભ લીધો. આ કાર્યક્રમ ખેડૂતોના કલ્યાણ માટે કેન્દ્ર સરકારની પ્રતિબદ્ધતાનું સુંદર ઉદાહરણ છે.

સમયગાળો વધતા મુશ્કેલીમાં વધારો

દાહોદમાં LPG ગેસ માટે એજન્સીઓ પર ગ્રાહકોની ભીડ

અફરાતફરી

(પ્રતિનિધિ) દાહોદ તા.13

મિડલ ઈસ્ટ વિસ્તાર તામાં સર્જાયેલી યુદ્ધ જેવી પરિસ્થિતિના કારણે ઉર્જા ઉત્પાદન અને સપ્લાય પર પડતી અસર હવે દાહોદ જિલ્લામાં પણ જોવા મળી રહી છે. જિલ્લામાં LPG ગેસ સિલિન્ડરની માંગ અચાનક વધી જતા શહેર સહિત વિવિધ ગેસ એજન્સીઓ પર ગ્રાહકોની ભારે ભીડ જોવા મળી રહી છે. દાહોદ શહેરની ખજુરીયા, ડામોર અને વનરાજ ગેસ (ભારત ગેસ) એજન્સીઓ પર સિલિન્ડર લેવા માટે ગ્રાહકોનો ભારે ઘસારો નોંધાયો હતો. ગોડાઉન પર પણ મોટી સંખ્યામાં લોકો એકત્ર થતાં કેટલીક જગ્યાએ અવ્યવસ્થાની સ્થિતિ સર્જાઈ હોવાનું સામે આવ્યું છે. બીજી તરફ કોમર્શિયલ ગેસ સિલિન્ડરની સપ્લાયમાં વિક્ષેપ આવતા હોટલ સંચાલકો તથા નાના વેપારીઓમાં ચિંતા વ્યાપી ગઈ છે. કોમર્શિયલ ગેસ પર આધારિત કેટલાક નાના એકમો બંધ થવાની કગાર પર હોવાનું પણ જાણવા મળે છે. ગ્રાહકોના જણાવ્યા મુજબ ઘરેલુ ગેસ સિલિન્ડરની ઓનલાઈન બુકિંગ સાઈટ પણ ધીમી પડી ગઈ છે. કેન્દ્ર સરકારના નિયમો મુજબ એક ગ્રાહક દ્વારા LPG સિલિન્ડરની બે બુકિંગ વચ્ચે ૨૫ દિવસનો સમયગાળો રાખવામાં આવ્યો હોવાથી મુશ્કેલી વધી હોવાનું લોકો જણાવી રહ્યા છે. જિલ્લા તંત્રના જણાવ્યા મુજબ દાહોદ સહિત સમગ્ર રાજ્યમાં LPG ગેસનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને પુરવઠો નિયમિત રાખવા પ્રયાસો ચાલુ છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને LPG સપ્લાય સતત રહે તે માટે જિલ્લા કલેક્ટર યોગેશ નિરગુડેની અધ્યક્ષતા હેઠળ ગેસ એજન્સીઓ સાથે બેઠક પણ યોજાઈ હતી. તંત્રએ વધુમાં જણાવ્યું હતું કે પાઈપલાઈન મારફતે મળતો ગેસ તથા CNG ગેસનો પુરવઠો હાલ રાબેતા મુજબ ચાલુ છે.

દાહોદ જિલ્લામાં ગેસ સિલિન્ડરનો પુરતો જથ્થો ઉપલબ્ધ:કલેક્ટર

દાહોદ : મધ્ય પૂર્વ ક્ષેત્રમાં બદલાતી પરિસ્થિતિને કારણે ઉદભવતા વર્તમાન સંજોગોમાં સમગ્ર રાજ્યમાં LPG સિલિન્ડરોના અવિરત વિતરણને સુનિશ્ચિત કરવા માટે કેન્દ્રા સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા સતત પ્રયત્નો તથા મોનિટરીગ કરવામાં આવી રહેલ છે. મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભૂ-રાજકીય તણાવની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, રાજ્યમાં ઉપલબ્ધ LPG સ્ટોકનું પરિવહન અને કાર્યક્ષમ રીતે વિતરણ માટે રાજ્યમાં ઘરેલું જરૂરીયાત માટેનો પૂરતો એલ.પી.જી નો જથ્થો ઉપલબ્ધ છે. એમ રાજ્યના અન્ન નાગરિક પુરવઠા વિભાગની યાદીમાં જણાવાયુ છે.ગુજરાત રાજ્યમાં 30% ઘરેલુ ગેસ PNG GAS PIPELINE મારફત પૂરો પડાય છે જે ઉપલબ્ધ છે.

મહિલા બુટલેગર ઝડપાઈ

મધવાસમાં દેશી દારૂની ભટ્ટી પર પોલીસનો દરોડો

(પ્રતિનિધિ) હાલોલ તા.13

રહેણાંકમકાનમાંચાલતીહતીભટ્ટી પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકામાં દારૂબંધીના કડક અમલ વચ્ચે પોલીસે મધવાસ ગામના શંકરપુરા વિસ્તારમાં સફળ દરોડો પાડી એક મહિલા સંચાલિત દેશી દારૂની ભટ્ટી ઝડપી પાડી છે. પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી. મધવાસ ગામના શંકરપુરા વિસ્તારમાં રહેતી ઈન્દુબેન વિજયભાઈ સિક્લીગર નામની મહિલા પોતાના રહેણાંક મકાનમાં જ દેશી દારૂ ગાળવાની ભટ્ટી ચલાવતી હોવાની અને દારૂનું વેચાણ કરતી હોવાની બાતમી પોલીસને મળી હતી. બાતમીના આધારે પોલીસે મહિલાના મકાનમાં દરોડો પાડતા દારૂ ગાળવાની પ્રવૃત્તિ રંગેહાથ પકડાઈ ગઈ હતી. દરોડા દરમિયાન પોલીસને સ્થળ પરથી નીચે મુજબનો મુદ્દામાલ મળી આવ્યો હતોઃ દેશી દારૂઃ 5 કેન અને 1 કારબામાંથી કુલ 35 લીટર તૈયાર દેશી દારૂ.દારૂનો વોશઃ વાદળી રંગના 3 પીપડામાં રાખેલ 30 લીટર કાચો વોશ, જેનો પોલીસે સ્થળ પર જ નાશ કર્યો હતો. પોલીસે દારૂ ગાળવા માટે વપરાતા ધાતુના તપેલા અને દેગડા મળી પોલીસે કુલ રૂ. 8,200 નો મુદ્દામાલ કબજે કરી આરોપી મહિલા વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કાર્યવાહીથી વિસ્તારના અન્ય બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

કોર્ટ પરિસરની આસપાસ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો

ભરૂચ કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી: ઈ-મેલ મળતા ખળભળાટ

(પ્રતિનિધિ) ભરૂચ, તા.13

ભરૂચ જિલ્લા કોર્ટને ફરી એકવાર બોમ્બથી ઉડાવી દેવાની ગંભીર ધમકી મળી છે. અજાણ્યા શખ્સ દ્વારા ઈ-મેલ મારફતે આ ધમકી આપવામાં આવતા પોલીસ અને વહીવટી તંત્રમાં હડકંપ મચી ગયો હતો. સાવચેતીના ભાગરૂપે તાત્કાલિક કોર્ટ પરિસર ખાલી કરાવવામાં આવ્યું હતું અને સુરક્ષા દળો દ્વારા સઘન તપાસ શરૂ કરવામાં આવી છે.

ધમકીની માહિતી મળતાની સાથે જ પોલીસ વિભાગ સક્રિય બન્યો હતો. બોમ્બ સ્ક્વોડ, ડોગ સ્ક્વોડ અને સ્થાનિક પોલીસ દળને તાત્કાલિક ઘટનાસ્થળે બોલાવવામાં આવ્યા હતા. સમગ્ર કોર્ટ પરિસરમાં કોઈપણ વિસ્ફોટક સામગ્રીની શોધ માટે વ્યાપક સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. કોર્ટમાં હાજર વકીલો, કર્મચારીઓ અને અન્ય લોકોને સુરક્ષાના કારણોસર તાત્કાલિક બહાર કાઢવામાં આવ્યા હતા. કોર્ટ પરિસરની આસપાસ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.ઉલ્લેખનીય છે કે, અગાઉ

ગત તા-6ઠ્ઠી જાન્યુઆરીનાં રોજ LLTE નામના સંગઠન દ્વારા આપવામાં ભરૂચ કોર્ટને ઉડાવી દેવાની ધમકી મળી હતી.જો કે ભરૂચ સહીત સુરત, આણંદ, રાજકોટ અને અમદાવાદ સહિતના શહેરોની કોર્ટને આ જ પેટર્નથી RDXથી ઉડાવી દેવાની ધમકીઓ અપાઈ હતી.જો કે શનિવારે રાજ્યના મુખ્યમંત્રી ભરૂચ ખાતે કાર્યક્રમમાં આવવાના હોવાથી પોલીસ તંત્ર હરકતમાં આવી ગયું છે. અને સુરક્ષા વધારી દેવામાં આવી છે. પોલીસે ધમકીભર્યા ઈ-મેલ અંગે તપાસ શરૂ કરી છે અને તે મોકલનાર વ્યક્તિ કે સંગઠનને શોધી કાઢવા માટે ટેકનિકલ પાસાઓની પણ તપાસ કરવામાં આવી રહી છે.

ચારે આરોપીઓ સામે અગાઉ પણ જુદાજુદા પોલીસ સ્ટેશનમાં ગુના નોંધાયેલા છે

હાલોલમાં અદાવતે ઝઘડો કરનાર ચાર શખ્સને ઝડપી પાડવામાં આવ્યાં

(પ્રતિનિધિ) હાલોલ તા.13

હાલોલ ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલા શરીર સંબંધિત ગુનામાં પોલીસે ઝડપી કાર્યવાહી કરી ચાર આરોપીઓને પકડી પાડી જેલ હવાલે કર્યા છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આ બનાવ અગાઉ થયેલા ઝઘડા અને વ્યક્તિગત અદાવતના કારણે બન્યો હતો.

પંચમહાલ જિલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં શરીર સંબંધિત ગુનાઓ પર કાબૂ મેળવવા માટે ખાસ સૂચનાઓ આપવામાં આવી હતી. જેના અનુસંધાને હાલોલ વિભાગના નાયબ પોલીસ અધિક્ષક વી.જે. રાઠોડના માર્ગદર્શન હેઠળ હાલોલ ટાઉન પોલીસ ઈન્સ્પેક્ટર આર.એ. જાડેજા દ્વારા આરોપીઓને ઝડપી પાડવા પોલીસ ટીમને સૂચના આપવામાં આવી હતી.

સર્વેલન્સ ટીમના પોલીસ સબ ઈન્સ્પેક્ટર જે.બી. ઝાલા તથા પોલીસ સ્ટાફે કામગીરી હાથ ધરી હાલોલ ટાઉન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુના હેઠળ ચાર આરોપીઓને ઝડપી પાડ્યા હતા. ઝડપાયેલા આરોપીઓમાં વિક્રમસિંહ ઉર્ફે બંટી અશ્વીનસિંહ રાણા, વિશાલભાઈ ઉર્ફે વાસુ વિઠ્ઠલભાઈ સોલંકી, વિશાલભાઈ અરવિંદભાઈ પરમાર અને વિષ્ણુભાઈ ઉર્ફે

વિશા અરવિંદભાઈ પરમારનો સમાવેશ થાય છે.પોલીસના જણાવ્યા મુજબ ઝડપાયેલા કેટલાક આરોપીઓ સામે અગાઉ પણ જુદા જુદા પોલીસ સ્ટેશનોમાં ગુનાઓ નોંધાયેલા હોવાનું સામે આવ્યું છે. હાલ પોલીસે તમામ આરોપીઓને કસ્ટડીમાં લઈ વધુ તપાસ હાથ ધરી છે.

બાઇક ચાલકને ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયો

દેલોલ પાસે બાઈકને ટક્કર મારી અકસ્માત કરી કાર ચાલક ફરાર

(પ્રતિનિધિ) હાલોલ તા.13

હાલોલ તાલુકા ના મઘાસર ના રાણીપુરા ખાતે રહેતા કેરવતભાઈ દામાભાઈ પરમાર બેઢિયા ગામે લગ્નની કંકોત્રી આપી પરત ફરતા દેલોલ પાસે આવેલ શેર એ પંજાબ હોટેલની સામે હાઈવે રોડ ક્રોસ કરતા હતો તે વખતે ગોધરા તરફથી એક ફોર વ્હીલ ગાડી નંબર GJ06 PH 9609 ચાલકે તેના કબજાની ફોરવહીલ ગાડી પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લઈ આવી હીરો હોન્ડા કંપની ની સ્પ્લેન્ડર મોટર સાયકલ નંબર GJ17 BR 2971 ને અડફેટમાં લઈ એક્સિડન્ટ કરી કેરવતભાઈ દામાભાઈ પરમાર ને જમણા પગે માથાના ભાગે તથા શરીરે ઈજાઓ પહોંચાડી ગાડી લઈ ફરાર થયો હતો જેથી ઘટના સ્થળે ઈજા થયેલ બાઈક ચાલક ને 108 મારફતે કાલોલ સરકારી દવાખાને ખસેડવામાં આવ્યો હતો. જેથી કાલોલ રેફરલ હોસ્પિટલમાં પ્રાથમિક દવા સારવાર કરવામાં આવી હતી અને વધુ સારવાર માટે 108 મારફતે ગોધરા સીવીલ હોસ્પિટલ રીફર કરવામાં આવ્યા હતા અને કાર ચાલક અકસ્માત સર્જી ફરાર થતા કાર ચાલક ની આગળ ની નંબર પ્લેટ ઘટના સ્થળે પડી હતી જે નંબર પ્લેટ ફોરવહીલ નં GJ06 PH 9609 ના આધારે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી જેથી કાલોલ પોલીસે ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે યોજાશે

દાહોદ જિલ્લાના વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાશે

(પ્રતિનિધિ) દાહોદ તા.13

દાહોદ જિલ્લામાં તારીખ ૧૫ માર્ચ ૨૦૨૬ ના રોજ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ પધારનાર હોઈ દાહોદ વહીવટી તંત્ર પૂરજોશમાં કાર્યક્રમની તૈયારી કરી રહ્યું છે. દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકામાં આવેલ નવીન મામલતદાર કચેરીની સામે ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે તારીખ ૧૫ માર્ચના રવિવારના રોજ સવારે ૧૦:૩૦ કલાકે કાર્યક્રમ યોજાશે.

કાર્યક્રમ દરમ્યાન મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે દાહોદ જિલ્લાના રૂ. ૩૬૭. ૭૮ કરોડના વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત થશે. જેમાં માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય) દાહોદના કુલ રૂ. ૧૩૭. ૮૨ કરોડના ૧૦ કામ, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) દાહોદના કુલ રૂ. ૬૦. ૮૯ કરોડના ૪૪ કામ, જિલ્લા આયોજન કચેરી દાહોદના કુલ રૂ. ૭. ૨૩ કરોડના ૨૨૦ કામ તેમજ આદિજાતી વિકાસ વિભાગ દાહોદના કુલ રૂ. ૮૮. ૭૭ કરોડના ૬૦૧ કામોનુ ખાતમુહૂર્ત કરવામાં આવશે. જ્યારે માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય) દાહોદના કુલ રૂ. ૭. ૩૮ કરોડના ૧ કામ, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) દાહોદના કુલ રૂ. ૪૯. ૭૬ કરોડના ૭૬ કામ, જિલ્લા આયોજન કચેરી દાહોદના કુલ રૂ. ૧૩. ૦૧ કરોડાના ૨૫૦ કામ તેમજ આદિજાતી વિકાસ વિભાગ દાહોદના કુલ રૂ. ૨. ૯૨ કરોડના ૧ કામનું લોકાર્પણ કરવામાં આવશે. આમ, એકંદરે ખાતમુહૂર્તના કુલ રૂ. ૨૯૪. ૭૧ કરોડના ૮૭૫ કામો તેમજ લોકાર્પણના કુલ રૂ. ૭૩. ૦૭ કરોડના ૩૨૮ કામો એમ મળીને કુલ રૂ. ૩૬૭. ૭૮ કરોડના ૧૨૦૩ કામોનું ખાતમુહૂર્ત તેમજ લોકાર્પણ માન. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે કરવામાં આવશે.

હેલીપેડ સહિતની અન્ય સુવિધાઓ અંગે સૂચનો કર્યા

સિંગવડ ખાતે સાંસદ જશવંતસિંહ ભાભોરે CMના સભા સ્થળની મૂલાકાત લીધી

સિંગવડ ખાતે 15મી માર્ચે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ આવવાના હોય તે સ્થળનું નિરીક્ષણ કરતા દાહોદ સાંસદ જશવંતસિંહ ભાભોર આગામી 15 માર્ચના રોજ દાહોદ જિલ્લાના સિંગવડ તાલુકા ખાતે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ જાહેર જનસભા સંબોધવાના હોય અને કેટલા કામોનું લોકાર્પણ તથા કેટલાક કામોનું ખાત મુહૂર્ત કરવાના હોય તે સભાસ્થળ ની વહીવટી તંત્ર દ્વારા તૈયારી શરૂ કરી દેવામાં આવી છે જ્યારે આ સભા સ્થળ ની તૈયારી ની સમીક્ષા કરવા દાહોદના સાંસદ જશવંતસિંહ

ભાભોર તથા લીમખેડા ધારાસભ્ય શૈલેશભાઈ ભાભોર દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું સાથે વહીવટી તંત્ર સાથે બેઠક યોજીને કાર્યક્રમની વિગતવાર માહિતી લીધી હતી અને કાર્યક્રમ વિશેની ચર્ચા કરવામાં આવી હતી જ્યારે કાર્યક્રમમાં જરૂરી સૂચનો પણ આપવામાં આવ્યા હતા અને ગરમીમાં આવેલા દરેક લોકોને તકલીફ નહીં પડે તેની પૂર્તિ વ્યવસ્થા ગોઠવવી જરૂરી તેમ જણાયું હતું જ્યારે પાર્કિંગ બેસવાની વ્યવસ્થા સ્ટેજ સુરક્ષા અને હેલીપેડ સહિતની અન્ય સુવિધાઓ અંગે અધિકારીઓ ને જરૂરી સૂચના પણ આપવામાં આવી હતી અને વ્યવસ્થા ને જોવા જણાવ્યું હતું.